## (1) 'UV બ્લાસ્ટર' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે એક પ્રકારનો UV ડિસ્ઈન્ફેકશન ટાવર છે.

(2) તેનો વિકાસ DRDO દ્વારા કરવામાં આવેલ છે.

(3) તેનું ડિઝાઈનીંગ LASTEC નામની સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે.

(4) આ ઉપકરણ જે જગ્યાએ માણસોની વધુ અવર–જવર હોય તેવી જગ્યાએ પણ અસરકારક છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2)

(C) માત્ર (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં **DRDO** દ્વારા એક **UV** (અલ્ટ્રાવાયલેટ) ડિસ્ઈન્ફેકશન ટાવર બનાવવામાં આવેલ છે, જેને **'UV** બ્લાસ્ટર' નામ આપવામાં આવેલું છે. (આથી, વિધાન **(1)** અને **(2)** સાચાં છે.)

⇛ આ ઉપકરણનું ડિઝાઈનીંગ લેસર સાયન્સ એન્ડ ટેક્નોલોજી સેન્ટર **(LASTEC)** દ્વારા કરવામાં આવેલું છે. **LASTEC** એ દિલ્હી સ્થિત **DRDO**ની એક પ્રમુખ લેબોરેટરી છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ તેનો ઉપયોગ હાઈ–ટેક સપાટીઓ જેવી કે, ઈલેક્ટ્રીક ઉપકરણ, કોમ્પ્યુટર, લેબોરેટરીના સાધનો વગેરેને ડિસ્ઈન્ફેક્ટ કરવા થઈ શકે છે. આ સાધનોને કેમીકલ દ્વારા ડિસ્ઈન્ફેક્ટ કરી શકાતા નથી. આથી, આ ઉપકરણ ખૂબ ઉપયોગી નિવડશે.

⇛ એરપોર્ટ, મોલ, મેટ્રો સ્ટેશન, હોટેલ વગેરે જેવી જગ્યાઓ કે જયાં માણસોની અવર–જવર વધુ હોય તેવી જગ્યાએ પણ આ ઉપકરણ અસરકારક છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ઉપરાંત આ ઉપકરણને દૂરથી જ મોબાઈલ કે લેપટોપની મદદથી વાઈ–ફાઈ કનેકશન દ્વારા ચલાવી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘DICGC’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન છે.
(2) તે નાણાં મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.
(3) જો કોઈ બેન્ક ઠપ્પ થઈ જાય તો DICGC દ્વારા ખાતાધારકોને વિમા સ્વરૂપે કેટલીક રકમ મળે છે.
(4) હાલમાં આ સુવિધા હેઠળ કોઈ બેન્ક ઠપ્પ થાય તો ખાતાધારકોને મહત્તમ 1 લાખ રૂપિયા મળી શકે છે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ખાતાધારકોના બેન્કમાં જમા કરેલા નાણાં માટે વિમા સ્વરૂપે DICGC હેઠળ સુવિધા આપવામાં આવે છે. જેમાં જમા થયેલાં નાણાં પર પ્રિમીયમ ચુકવવાનું હોય છે.

⇛ ભારત સરકારે ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન (DICGC)ની સ્થાપના RBI હેઠળ કરેલી છે. કોઈ બેન્ક ઠપ્પ થાય ત્યારે DICGC ખાતેદારોને વળતર કે વિમા સ્વરૂપે કેટલીક રકમ આપે છે. (આથી, વિધાન (1) અને (3) સાચાં છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ જમા થયેલા દર 100 રૂપિયા માટે બેન્કે 10 પૈસાનું પ્રિમીયમ DICGCને આપવાનું હોય છે.

⇛ ફેબ્રુઆરી 2020માં આ વિમા સુવિધા હેઠળ ખાતેદારોને મહત્તમ 5 લાખ રૂપિયા મળી શકે છે. અગાઉ 1993થી આ રકમ 1 લાખ રૂપિયા હતી. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ગિલગિત-બાલ્તિસ્તાન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે ભારતનો આંતરિક ભાગ છે.
(2) વર્તમાન સમયે તે POKમાં આવેલો છે.
(3) તેની સરહદ ચીન તથા અફઘાનિસ્તાનને સ્પર્શે છે.
(4) ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર અહીંથી પસાર થાય છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1)
(C) માત્ર (1) અને (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ પાકિસ્તાનની સુપ્રીમકોર્ટ દ્વારા ગિલગિત–બાલ્તિસ્તાનમાં સામાન્ય ચૂંટણી કરવાની મંજૂરી અપાતા ભારતીય વિદેશ મંત્રાલયે કડક ટીકા કરી છે તથા કહ્યું છે કે ગિલગિત–બાલિસ્તાન ભારતનો જ આંતરિક ભાગ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ પરંતુ આ વિસ્તાર હાલ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK)માં આવેલ છે. તથા વર્ષ 2009થી તે સ્થાનિક સ્વાયત વિસ્તાર તરીકે કાર્યરત છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ વિસ્તાર પાકિસ્તાનની ઉત્તરે છે. આ વિસ્તારની ઉત્તર તરફ ચીનની સરહદ, પશ્ચિમે અફઘાનિસ્તાનની સરહદ તથા દક્ષિણ–પૂર્વમાં કાશ્મીર આવેલ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ વિસ્તારની એક સ્થાનિક એસેમ્બલી છે અને તેમાં મુખ્યમંત્રીની ચૂંટણી પણ થાય છે.

⇛ આ વિસ્તારમાંથી ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર પણ પસાર થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) 'આર્કટીકા-M' ઉપગ્રહ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ઉપગ્રહ જર્મની દ્વારા લોન્ચ કરવામાં આવશે.
(2) આર્કટીકા શ્રેણીનો આ બીજો ઉપગ્રહ છે.
(3) તેના દ્વારા વૈજ્ઞાનિકોને આબોહવા પરિવર્તન વિશે અભ્યાસ કરવા માટેની મદદ મળી શકશે.
(4) આર્કટીક વિસ્તારમાં રહેલ રિસોર્સને પણ આ ઉપગ્રહ દ્વારા શોધી શકાશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ રશિયા દ્વારા આર્કટીક શ્રેણીનો પ્રથમ ઉપગ્રહ ડિસેમ્બર, 2020 સુધીમાં લોન્ચ કરવામાં આવશે. આ ઉપગ્રહનું નામ "આર્કટીકા-M" રાખવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) અને (2) ખોટાં છે.)

⇛ પૃથ્વી પરના ધ્રુવીય વિસ્તારો પરથી આબોહવાકીય ડેટા ઉપગ્રહ દ્વારા મેળવવામાં આવશે.

⇛ આ ડેટા દ્વારા વાતાવરણની આગાહી સારી રીતે કરી શકાશે તથા વૈજ્ઞાનિકોને આબોહવા પરિવર્તન વિશેના અભ્યાસમાં પણ મદદ મળશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઉપરાંત આ ઉપગ્રહ દ્વારા ધ્રુવીય વિસ્તાર (આર્કટીક)માં રહેલા રિસોર્સને પણ શોધી શકાશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ધ્રુવીય વિસ્તારનું બરફનું આવરણ ઝડપથી ઓગળી રહ્યું છે. પરિણામે તે આબોહવા પરિવર્તનને મોટા પાયે અસર કરી શકે તેમ છે. આથી, આ વિસ્તારોનો અભ્યાસ કરવો ટકાઉ ભવિષ્ય માટે ખૂબ જ જરૂરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) વિશ્વ અસ્થમા દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ WHO દ્વારા ઉજવવામાં આવે છે.

(2) આ વર્ષની આ દિવસની થીમ : 'Enough Asthma Deaths' છે.

(3) આ દિવસ દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે ઉજવવામાં આવે છે.

(4) વિશ્વમાં આશરે 23.5 કરોડ લોકો અસ્થમાંથી પીડિત છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (2), (3) અને (4)
(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ દર વર્ષે મે મહિનાના પ્રથમ મંગળવારે વિશ્વ અસ્થમા દિવસની ઉજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ અસ્થમા વિશે જાગૃતતા કેળવવાના હેતુથી 'ગ્લોબલ ઈનિશિયેટીવ ફોર અસ્થમા' નામની સંસ્થા દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ વર્ષે અસ્થમા દિવસની થીમ : **'Enough Asthma Deaths'** છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ **WHO**ના એક અહેવાલ મુજબ વિશ્વમાં આશરે **23.5** કરોડ લોકો અસ્થમાંથી પીડાય રહ્યા છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ભારતમાં આશરે **6%** બાળકોમાં અસ્થમાં જોવા મળે છે. જ્યારે પુખ્ત વયના લોકોમાં આ પ્રમાણ **2%** છે. પરંતુ ભારતમાં અસ્થમાનું રિપોર્ટીંગ ઓછું થાય છે તથા તેની સારવાર પણ મર્યાદિત છે.

⇛ પ્રથમ વખત વર્ષ **1998**માં આ દિવસ **35** દેશો દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT